**GJCU040016242022**

| | |
|---|---|
| રજુ તારીખ | ૧૪/૧૨/૨૦૨૨ |
| દાખલ તારીખ | ૧૪/૧૨/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૨૧/૦૮/૨૦૨૩ |
| | દિવસ માસ વર્ષ<br>૦૭ ૦૮ ૦૦ |

---

**જેતપુર પાવી, જી. છોટાઉદેપુરના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ, મુકામ : જેતપુર પાવી. જી. છોટાઉદેપુર.**

---

**ફોજદારી કેસ નં. ૧૪૯૧/૨૦૨૨**
**આંક :૧૭**

---

**ફરીયાદી :- શ્રી સરકાર,**
(કદવાલ પો.સ્ટે. સેકન્ડ ગુના રજી.નં. ૬૫/૨૦૧૮)

**-વિરૂધ્ધ-**

**આરોપી :- દિલીપભાઈ સોકાભાઈ બારીયા,**
રહે. મડાવ, દેવગઢ બારીયા, દાહોદ.

---

**ગુનો : ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ), ૯૮(૨) મુજબ**

---

ફરિયાદ પક્ષ તરફે :- વિ.એ.પી.પી. શ્રી એસ.વી.કટારા
આરોપી તરફે :- વિ.વ.શ્રી યુ.એમ.રાઠવા

---

**:: ઠ રા વ ::**

**(૧)....**આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત એવી છે કે, આ કામના આરોપી અર્જુનભાઈ રામસીંગભાઈ બારીયા નાનો મોજે કદવાલ ગામે તા. ૧૫/૦૪/૨૦૧૮ ના કલાક ૨૨:૩૫ વાગેના સુમારે પોતાના કબજાની મો.સા.નં. જી.જે.૦૬.એ.ઈ. ૩૬૭૯ ઉપર લીલા કલરના થેલામાં ભારતીય બનાવટના વિદેશી દારૂના ૭૫૦ મી.લી.ના પ્લા.ના હોલ તથા ૧૮૦ મી.લી.ના પ્લા.ના કવાટરીયા મળી કુલ નંગ-૨૧૬ કી.રૂ. ૨૮,૦૮૦/- નો પ્રોહી. મુદામાલ ગે.કા. રીતે વહન કરી મો.સા.ની કી.રૂ. ૩૫,૦૦૦/- તથા મોબાઈલની કી.રૂ. ૫૦૦/- મળી કુલ કી.રૂ. ૬૫,૫૮૦/- નો પ્રોહી. મુદામાલ આરોપી અર્જુનભાઈ બારીયા નાનો પોતે આરોપી રંગીતસિંહ વિરસિંહ રાઠવા નાઓ

પાસેથી મેળવી પોતે આરોપી કાળુભાઈ ઉર્ફે કાળીયા રૂમાલભાઈ સોલંકીને પુરો પાડવાનું કાવતરુ ઘડી નહી પકડાયેલ આરોપી દિલીપભાઈ સોકાભાઈ બારીયા પાસેથી આરોપી રંગીતસિંહ રાઠવા નાનો મેળવી તથા પ્રોહી. મુદામાલ પુરો પાડનાર આ કામના આરોપી તથા નં. ૧ થી ૪ નાઓએ એકબીજાની મદદગારી પુર્વરચિત કાવતરુ રચી ગે.કા. રીતે પ્રોહી. મુદામાલની હેરાફેરી કરી ગુન્હો કરેલ હોય, ફરીયાદીએ કદવાલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા સારું નામદાર કોર્ટમાં પુરવણી ચાર્જશીટ રજૂ કરેલ છે.

**(૨)....નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રિમીનલ મીસે.એપ્લી.નં.૮૮૯૨/૨૦૧૮, જયંતીભાઈ મકનભાઈ ડામોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો તથા તેમા ફરમાવેલ આદેશ અનુસાર** સદર કામે આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતાં આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પૂરી પાડયા બાદ આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવી આંક–૦૪ થી આરોપીનો જવાબ લેતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)....**ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખીક તથા લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| **અનુ.નં.** | **જુબાની આપનાર સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી ખુમાનસીંગ બનસીંગભાઈ રાઠવા | ૦૬ |
| ૨ | પંચ સાહેદ ભીમસીંગભાઈ ઉકેડભાઈ નાયકા | ૦૮ |
| ૩ | પંચ સાહેદ રમેશભાઈ માંગીલાલ બારોટ | ૧૦ |
| ૪ | પોલીસ સાહેદ કાનુભાઈ ગીગાભાઈ કામળીયા | ૧૪ |
| ૫ | ત.ક.અ. જોરજીભાઈ ભુડાભાઈ કટારા | ૧૫ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૭ |
| ૨ | મુદામાલ કબજે કર્યાનું પંચનામું | ૦૯ |

**(૪)....**ત્યારબાદ આ કામના આરોપીનું ક્રી.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નીવેદન લેવામાં આવતાં, આરોપીએ તેમની સામેનો પુરાવો તેમની રુબરુ અને સાંભળતાં લેવામાં આવેલ હોવાનુ કબુલ કરી બાકીની હકિકતો ઈન્કાર કરી તેઓને બચાવના સાહેદ તપાસવા નથી કે સોગંદ ઉપર પુરાવો આપવો નથી અને વિશેષમાં તેમની સામે ખોટો કેસ કરેલ છે તેઓ નિર્દોષ છે તેવુ જણાવે છે. ઉભય પક્ષકારોની

દલીલો સાંભળવામાં આવી.

**(૫)....**આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**::- મુદ્દાઓ -::**

**૧)....**શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી અર્જુનભાઈ રામસીંગભાઈ બારીયા નાનો મોજે કદવાલ ગામે તા. ૧૫/૦૪/૨૦૧૮ ના કલાક ૨૨:૩૫ વાગેના સુમારે પોતાના કબજાની મો.સા.નં. જી.જે.૦૬.એ.ઈ. ૩૬૭૯ ઉપર લીલા કલરના થેલામાં ભારતીય બનાવટના વિદેશી દારૂના ૭૫૦ મી.લી.ના પ્લા.ના હોલ તથા ૧૮૦ મી.લી.ના પ્લા.ના કવાટરીયા મળી કુલ નંગ-૨૧૬ કી.રૂા. ૨૮,૦૮૦/- નો પ્રોહી. મુદામાલ ગે.કા. રીતે વહન કરી મો.સા.ની કી.રૂા. ૩૫,૦૦૦/- તથા મોબાઈલની કી.રૂા. ૫૦૦/- મળી કુલ કી.રૂા. ૬૫,૫૮૦/- નો પ્રોહી. મુદામાલ આરોપી અર્જુનભાઈ બારીયા નાનો પોતે આરોપી રંગીતસિંહ વિરસિંહ રાઠવા નાઓ પાસેથી મેળવી પોતે આરોપી કાળુભાઈ ઉર્ફે કાળીયા રૂમાલભાઈ સોલંકીને પુરો પાડવાનું કાવતરુ ઘડી નહી પકડાયેલ આરોપી દિલીપભાઈ સોકાભાઈ બારીયા પાસેથી આરોપી રંગીતસિંહ રાઠવા નાનો મેળવી તથા પ્રોહી. મુદામાલ પુરો પાડનાર આ કામના આરોપી તથા નં. ૧ થી ૪ નાઓએ એકબીજાની મદદગારી પુર્વરચિત કાવતરુ રચી ગે.કા. રીતે પ્રોહી. મુદામાલની હેરાફેરી કરી ગુજરાત પ્રોહી. એકટની કલમ-૬૫(ઈ), ૯૮(૨) મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

**૨)....**શું હુકમ ?

**(૬)....**ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**::- નિ ર્ણ યો -::**

**૧)....**નકારમાં.

**૨)....**આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

**મુદા નં.-૧,૨:-**

**(૭)....**ફરીયાદ પક્ષ તરફે આરોપી સામેના આક્ષેપિત ગુન્હાની હકીકતો પુરવાર કરવા માટે સૌપ્રથમ **આંક-૦૬** થી ફરીયાદી ખુમાનસીંગ બનસીંગભાઈ રાઠવાને સોગંદ પર ઉપર તપાસવામાં આવેલા છે. તેઓની જુબાનીમાં જણાવે છે કે,તા.૧૫/૪/૨૦૧૮ ના રોજ તેઓ કદવાલ પો.સ્ટે.માં અ.હે.કો.

તરીકે ફરજ બજાવતા હતા અને તે દિવસે તેઓની સાથેના પો.સ.આઈ. જે.બી.કટારા સાહેબ તથા પો.કો. કાનુભાઈ ગીગાભાઈ તથા પો.કો. જંદુભાઈ કંદુભાઈ એ રીતેના તેઓ પો.સ્ટે.માં હાજર તે દરમીયાન તેઓને બાતમી મળેલ કે નાના અમાદરા ગામ તરફથી એક મો.સા. નં.જી.જે. ૦૬. એ.ઈ.૩૬૭૯ સ્પેન્ડર પ્રો ઉપર વિદેશી દારૂના ભરી અમાદરા ગામ તરફ આવનાર છે તેવી હકીકત મળતા તે સાહેબ સાથે સરકારી વાહનને લઈ કાટકુવા ગામ તરફથી કાચા રોડ ઉપર આવ્યા અને નજીકમાથી બે પંચોના માણસો બોલાવી પંચોની બાતમી હકીકતથી વાકેફ કરી તેમજ વોચમાં હતા તે દરમીયાન નાના અમાદરા ગામ તરફ થી એક મો.સા. આવતી જણાય અને તે મો.સા.ના ચાલક તેઓની સરકારી ગાડી દુરથી જોઈ જતા પોતાની ગાડી પ્રોહી મુદદામાલ છોડી આડા અવરા રસ્તે થઈ અંધારામાં નાશી ગયેલ જેથી તેઓ પંચો સાથે મો.સા. તથા મુદદામાલ જોતા મો.સા. નંબર બાતમી હકીકત મુજબનો હોય તે મો.સા. ઉપર એક લીલા થેલામાં પ્રોહી મુદદામાલ ભરેલ હોય જે જોતા તેમા કીંગ વ્હિસ્કી પ્લાસ્ટીકના હોલ તથા પ્લાસ્ટીકના કવાટરીયા ભરેલ હોય જે એમ.પી. બનાવટના જેમાં પ્લાસ્ટીકના હોલ ૭૫૦ મી.લી.ના નંગ ૩૬ અને કવાટરીયા જોતા ૧૮૦ મી.લી.ના નંગ ૧૮૦ જેમાં એક હોલની કિં.રૂ.૩૫૫/– લેખે કુલ હોલ નંગ–૩૬ ની કિં.રૂ. ૧૨,૭૮૦/– તથા કવાટરીયા નંગ ૧૮૦ ની કુલ કિં.રૂ.૧૫,૩૦૦/– ગણી લેવામાં આવેલ. આમ,પ્લાસ્ટીકના હોલ તથા કવાટરીયા મળી કુલ બોટલો નંગ ૨૧૬ જેની કુલ કિં.રૂ. ૨૮,૦૮૦/–તથા મો.સા.ની કિં.રૂ.૩૫,૦૦૦/–તથા મોબાઈલ નંગ ૧ મળી આવેલ જેની કિં.રૂ. ૫૦૦/–ગણી કુલ મુદદામાલની કુલ કિં.રૂ.૬૩,૫૮૦/–નો મુદદામાલ તપાસ અર્થે પો.સ.ઈ. સાહેબ શ્રી જે.બી. કટારા નાઓ પંચનામુ કરી કબજે કરેલ. પો.સ.ઈ. સાહેબે વિગતવારનુ પંચનામુ લાઈટના અંજવાળામાં કરી એક એક નંગ સેમ્પલ તરીકે કાઢી લઈ તમામ મુદદામાલ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ આ ગુનો અંધારામાં હોય આ બનાવ અંગેની ફરીયાદ તેઓએ આપેલી જે ફરીયાદ તેઓને બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવી **આંક–૦૭** થી રજુ કરેલ છે.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાતમી કેટલાક વાગ્યે મળેલી તેનો સમય ફરીયાદમાં જણાવેલ નથી, તેઓની ફરીયાદમાં જણાવેલ નામદાર કોર્ટમાં પંચો તરીકે આવતા હોય છે, મોટા અમાદરાથી નાના અમાદરા રસ્તો સિગલ પટ્ટી રસ્તો છે અને આ રોડ ઉપર મો.સા. તથા માણસોની અવર જવર થાય છે, પંચોને સમજ કરતું પ્રાથમીક પંચનામુ કરવામાં આવેલ નથી, કહેવાતા આરોપી સ્થળ ઉપરથી પકડાયેલ નથી તેમજ પકડાયેલ મુદદામાલની દરેક બોટલ પર પંચોની સહી વાળી કાપલી લગાવેલ હોય તેવુ બનેલ નથી.

(૮)....ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૦૯** ના મુદામાલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ ભીમસીંગભાઈ ઉકેડભાઈ નાયકાને **આંક–૦૮** થી તથા પંચ સાહેદ રમેશભાઈ માંગીલાલ બારોટને

**આંક–૧૦** થી સોગંદ પર તપાસવામાં આવેલા છે. ઉપરોકત પંચો તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલ તે સિવાય બીજું કઈ જાણતા નથી. આમ, ઉપરોકત પંચો પંચનામામાં પોતાની સહી કરેલ હોવાનુ જણાવે છે તે સિવાય પંચનામાને સમર્થન સાંપડે તેવો કોઈ જ પુરાવો આપેલ ન હોય એ.પી.પી.શ્રી એ સદર પંચોને ફરી ગયેલા જાહેર કરી ઉ.ત. કરેલ છે પરંતુ ઉ.ત.માંથી મુદામાલ કબજે કર્યાના પંચનામાની હકીકતો પુરવાર થાય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

સદર પંચોની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓને તૈયાર પંચનામામાં સહી કરાવેલી તે સિવાય બીજું કઈ જાણતા નથી.

સદર પંચો મુદામાલ કબજે કર્યાના પંચનામાના પંચો છે જેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે. ફરી ગયેલ સાક્ષી માટે ના.સુપ્રિમ કોર્ટે સતપોલ વિરુધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ(AIR 1976 SC 294) માં પ્રસ્થાપિત કરેલ છે કે, ફરી ગયેલ સાક્ષીનો પુરાવો સંપૂર્ણ વ્યર્થ નથી.

વળી, ગુરાસીહ વિરુધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન( AIR 2001 SC 330) માં ના.સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કાર્યવાહીમાં જયારે સાક્ષીને ફરી ગયેલ જાહેર કરી ફરીયાદ પક્ષ ધ્વારા પોતાના સાક્ષીની ઉલટ તપાસ કરવામાં આવે ત્યારે સામાન્ય નિયમ તરીકે તેનો પુરાવો નકારવાનો નથી. અદાલત માટે એ ખુલ્લુ છે કે, દરેક કેસની હકીકત અનુસાર સદર ઉલટ તપાસ અને વિરોધાભાસ સાક્ષીની વિશ્વસનીયતા ગુમાવે છે કે કોઈ બાબતે તેના પર આધાર રાખી શકાય છે કે કેમ? અત્રેના કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા સદર પંચોની ઉલટ તપાસ કરવામાં આવેલ પરંતુ ફરીયાદ પક્ષ સદર કોઈ ફળદાયી વિગતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તે સંજોગોમાં સદર પંચોના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

(૯)....ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૪** થી પોલીસ સાહેદ કાનુભાઈ ગીગાભાઈ કામળીયાને સોગંદ પર ઉપર તપાસવામાં આવેલા છે. તેઓની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૫/૪/૨૦૧૮ ના રોજ તેઓ કદવાલ પો.સ્ટે.માં અ.લો.ર. તરીકે ફરજ બજાવતા હતા અને તે દિવસે તેઓની સાથેના પો.સ.આઈ. જે.બી.કટારા સાહેબ તથા પો.કો. જંદુભાઈ કંદુભાઈ એ રીતેના તેઓ પો.સ્ટે.માં હાજર તે દરમીયાન તેઓને બાતમી મળેલ કે નાના અમાદરા ગામ તરફથી એક મો.સા. નં. જી. જે. ૦૬. એ. ઈ. ૩૬૭૯ સ્પેન્ડર પ્રો ઉપર વિદેશી દારૂના ભરી અમાદરા ગામ તરફ આવનાર છે. તેવી હકીકત મળતા તેઓ સાહેબ સાથે સરકારી વાહનને લઈ કાટકુવા ગામ તરફથી કાચા રોડ ઉપર આવ્યા અને નજીકમાથી બે પંચોના માણસો બોલાવી પંચોની બાતમી હકીકતથી વાકેફ કરી તેમજ વોચમાં હતા તે દરમીયાન નાના અમાદરા ગામ તરફથી એક મો.સા. આવતી જણાય અને તે મો.સા.ના ચાલક તેઓની સરકારી

ગાડી દુરથી જોઈ જતા પોતાની ગાડી પ્રોહી મુદદામાલ છોડી આડા અવરા રસ્તે થઈ અંધારામાં નાશી ગયેલ જેથી તેઓ પંચો સાથે મો.સા. તથા મુદદામાલ જોતા મો.સા. નંબર બાતમી હકીકત મુજબનો હોય તે મો.સા. ઉપર એક લીલા થેલામાં પ્રોહી મુદદામાલ ભરેલ હોય જે જોતા તેમા કીંગ વ્હિસ્કી પ્લાસ્ટીકના હોલ તથા પ્લાસ્ટીકના કવાટરીયા ભરેલ હોય જે એમ.પી. બનાવટના જેમાં પ્લાસ્ટીકના હોલ ૭૫૦ મી.લી.ના નંગ ૩૬ અને કવાટરીયા જોતા ૧૮૦ મી.લી.ના નંગ ૧૮૦ જેમાં એક હોલની કિં.રૂ. ૩૫૫/– લેખે કુલ હોલ નંગ ૩૬ ની કિં.રૂ. ૧૨,૭૮૦/– તથા કવાટરીયા નંગ ૧૮૦ ની કુલ કિં.રૂ. ૧૫,૩૦૦/– ગણી લેવામાં આવેલ. આમ, પ્લાસ્ટીકના હોલ તથા કવાટરીયા મળી કુલ બોટલો નંગ ૨૧૬ જેની કુલ કિં.રૂ.૨૮,૦૮૦/–તથા મો.સા.ની કિં.રૂ.૩૫,૦૦૦/–તથા મોબાઈલ નંગ ૧ મળી આવેલ જેની કિં.રૂ.૫૦૦/–ગણી કુલ મુદદામાલની કુલ કિં.રૂ.૬૩,૫૮૦/–નો મુદદામાલ તપાસ અર્થે પો.સ.ઈ. સાહેબ શ્રી જે.બી.કટારા નાઓ પંચનામુ કરી કબજે કરેલ પો.સ.ઈ સાહેબે વિગતવારનુ પંચનામુ લાઈટના અંજવાળામાં કરી એક એક નંગ સેમ્પલ તરીકે કાઢી લઈ તમામ મુદદામાલ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ આ ગુનો અંધારામાં હોય આ બનાવ અંગેની ફરીયાદ અ.હે.કો. ખુમાનસીહ બનસીહ નાઓએ આપેલી. તપાસના કામે તેઓનું નિવેદન લીધેલુ.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાતમી કેટલાક વાગ્યે મળેલી તેનો સમય તેઓના નિવેદનમાં જણાવેલ નથી, તેઓના નિવેદનમાં પંચો નામઠામ જણાવેલ નથી, મોટા અમાદરાથી નાના અમાદરા રસ્તો સિગલ પટ્ટી રસ્તો છે અને આ રોડ ઉપર મો.સા. તથા માણસોની અવર જવર થાય છે, પંચોને સમજ કરતું પ્રાથમીક પંચનામુ કરવામાં આવેલ નથી, કહેવાતા આરોપી સ્થળ ઉપરથી પકડાયેલ નથી તેમજ પકડાયેલ મુદદામાલની દરેક બોટલ પર પંચોની સહી વાળી કાપલી લગાવેલ હોય તેવુ બનેલ નથી.

**(૧૦)....**ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૫** થી ત.ક.અ. જોરજીભાઈ ભુડાભાઈ કટારાને સોગંદ પર ઉપર તપાસવામાં આવેલા છે. તેઓની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૫/૪/૨૦૧૮ ના રોજ તેઓ કદવાલ પો.સ્ટે.માં પો.સ.ઈ તરીકે ફરજ બજાવતા હતા અને તે દિવસે તેઓની સાથેના પોલીસ સ્ટાફના માણસો એ રીતેના તેઓ પો.સ્ટે.માં હાજર તે દરમીયાન તેઓને બાતમી મળેલ કે નાના અમાદરા ગામ તરફથી એક મો. સા. નં. જી. જે. ૦૬. એ. ઈ. ૩૬૭૯ સ્પેન્ડર પ્રો ઉપર વિદેશી દારૂના ભરી અમાદરા ગામ તરફ આવનાર છે. તેવી હકીકત મળતા તેઓ તથા પોલીસ સ્ટાફ સાથે સરકારી વાહનને લઈ કાટકુવા ગામ તરફથી કાચા રોડ ઉપર આવ્યા અને નજીકમાથી બે પંચોના માણસો બોલાવી પંચોની બાતમી હકીકતથી વાકેફ કરી તેમજ વોચમાં હતા તે દરમીયાન નાના અમાદરા ગામ તરફથી એક મો.સા. આવતી જણાય અને તે મો.સા.ના ચાલક તેઓની સરકારી ગાડી દુરથી જોઈ જતા પોતાની ગાડી પ્રોહી

મુદદામાલ છોડી આડા અવરા રસ્તે થઈ અંધારામાં નાશી ગયેલ જેથી તેઓ પંચો સાથે મો.સા. તથા મુદદામાલ જોતા મો.સા. નંબર બાતમી હકીકત મુજબનો હોય તે મો. સા. ઉપર એક લીલા થેલામાં પ્રોહી મુદદામાલ ભરેલ હોય જે જોતા તેમા કીંગ વ્હિસ્કી પ્લાસ્ટીકના હોલ તથા પ્લાસ્ટીકના કવાટરીયા ભરેલ હોય જે એમ.પી. બનાવટના જેમાં પ્લાસ્ટીકના હોલ ૭૫૦ મી.લી.ના નંગ ૩૬ અને કવાટરીયા જોતા ૧૮૦ મી.લી.ના નંગ ૧૮૦ જેમાં એક હોલની કિં.રૂ. ૩૫૫/– લેખે કુલ હોલ નંગ ૩૬ ની કિં.રૂ. ૧૨,૭૮૦/– તથા કવાટરીયા નંગ ૧૮૦ ની કુલ કિં.રૂ.૧૫,૩૦૦/– ગણી લેવામાં આવેલ. આમ,પ્લાસ્ટીકના હોલ તથા કવાટરીયા મળી કુલ બોટલો નંગ ૨૧૬ જેની કુલ કિં.રૂ.૨૮,૦૮૦/– તથા મો.સા.ની કિં.રૂ. ૩૫,૦૦૦/–તથા મોબાઈલ નંગ ૧ મળી આવેલ જેની કિં.રૂ.૫૦૦/– ગણી કુલ મુદદામાલની કુલ કિં.રૂ.૬૩,૫૮૦/–નો મુદદામાલ તપાસ અર્થે તેઓએ પંચનામુ કરી કબજે કરેલ અને વિગતવારનુ પંચનામુ લાઈટના અંજવાળામાં કરી એક એક એક નંગ સેમ્પલ તરીકે કાઢી લઈ તમામ મુદદામાલ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ આ ગુનો અંધારામાં હોય આ બનાવ અંગેની ફરીયાદ અ.હે.કો. ખુમાનસીહ બનસીહ નાઓએ આપેલી. તપાસના કામે સાથેના પોલીસ સ્ટાફના નિવેદનો લીધેલા. પો.સ.ઈ. એચ.એન. ઝામંગ નાઓએ ચાર્જશીટ કરેલ છે.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી તેમની ફરીયાદમાં બાતમી કેટલાક વાગ્યે મળેલી તેનો સમય જણાવેલ નથી, ફરીયાદીએ તેમની ફરીયાદમાં પંચો નામઠામ જણાવેલ નથી, મોટા અમાદરાથી નાના અમાદરા રસ્તો સિગલ પટ્ટી રસ્તો છે અને આ રોડ ઉપર મો.સા. તથા માણસોની અવર જવર થાય છે, સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી, પંચોને મૌખિક સમજ કરેલ જેથી પ્રાથમીક પંચનામુ કરવામાં આવેલ નથી, કહેવાતા આરોપી સ્થળ ઉપરથી પકડાયેલ નથી તેમજ પકડાયેલ મુદદામાલની દરેક બોટલ પર પંચોની સહી વાળી કાપલી લગાવેલ હોય તેવુ બનેલ નથી.

**(૧૧)....**હવે સદર કામના ફરીયાદી, પોલીસ સાહેદ તથા ત.ક.અમલદારના પુરાવાને લક્ષે લઈએ તો, તેઓએ હાલના ગુનાના કામે પંચોને બોલાવી કહેવાતા ગુનાના કામે કબજે કરવામા આવેલ પ્રોહી. મુદામાલ વિદેશી દારૂના ૭૫૦ મી.લી.ના પ્લા.ના હોલ તથા ૧૮૦ મી.લી.ના પ્લા.ના કવાટરીયા મળી કુલ નંગ–૨૧૬ કી.રૂા. ૨૮,૦૮૦/– નો પ્રોહી. મુદામાલ ગે.કા. રીતે વહન કરી મો.સા.ની કી.રૂા. ૩૫,૦૦૦/– તથા મોબાઈલની કી.રૂા. ૫૦૦/– મળી કુલ કી.રૂા. ૬૫,૫૮૦/– નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે લઈ જે અંગેના વિગતવારના પંચનામા પંચોની હાજરીમાં અને પંચોના લખાવ્યા મુજબના પંચનામાની વિગતે કબજે કરવામા આવેલ હોવાનુ જણાવેલ છે પરંતુ આ કામના પંચો તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં માત્ર પંચનામામાં પોતાની સહી કરેલ હોવાનુ જણાવી પંચનામાને લેશમાત્ર સમર્થન

કરતા નથી અને તેઓને ફરીયાદ પક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી ઉ.ત. પણ કરવામાં આવેલ છે પરંતુ ઉ.ત. માંથી ફરીયાદ પક્ષના કેસને કે પંચનામાની હકીકતોના સમર્થનમાં કોઈ જ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, સ્વતંત્ર પંચ સાહેદોએ પંચનામાને કે ફરીયાદ પક્ષના કેસને સમર્થન સાંપડે તેવો લેશમાત્ર પુરાવો કોર્ટ રુબરુ આપેલ નથી. વધુમાં મુદામાલ જે વાહન ઉપરથી મળી આવેલ તે વાહનની માલીકી હાલના આરોપીની હોવા અંગેનો કોઈ દસ્તાવેજી આધાર આ કામે રજુ કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદીએ સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે, બાતમી કેટલાક વાગ્યે મળેલી તેનો સમય ફરીયાદમાં જણાવેલ નથી, તેઓની ફરીયાદમાં જણાવેલ નામદાર કોર્ટમાં પંચો તરીકે આવતા હોય છે, મોટા અમાદરાથી નાના અમાદરા રસ્તો સિગલ પટ્ટી રસ્તો છે અને આ રોડ ઉપર મો.સા. તથા માણસોની અવર જવર થાય છે, પંચોને સમજ કરતું પ્રાથમીક પંચનામુ કરવામાં આવેલ નથી, કહેવાતા આરોપી સ્થળ ઉપરથી પકડાયેલ નથી તેમજ પકડાયેલ મુદ્દામાલની દરેક બોટલ પર પંચોની સહી વાળી કાપલી લગાવેલ હોય તેવુ બનેલ નથી તેમજ આ કામના પોલીસ સાહેદે પણ સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે, બાતમી કેટલાક વાગ્યે મળેલી તેનો સમય તેઓના નિવેદનમાં જણાવેલ નથી, તેઓના નિવેદનમાં પંચો નામઠામ જણાવેલ નથી, મોટા અમાદરાથી નાના અમાદરા રસ્તો સિગલ પટ્ટી રસ્તો છે અને આ રોડ ઉપર મો.સા. તથા માણસોની અવર જવર થાય છે, પંચોને સમજ કરતું પ્રાથમીક પંચનામુ કરવામાં આવેલ નથી, કહેવાતા આરોપી સ્થળ ઉપરથી પકડાયેલ નથી તેમજ પકડાયેલ મુદ્દામાલની દરેક બોટલ પર પંચોની સહી વાળી કાપલી લગાવેલ હોય તેવુ બનેલ નથી તેમજ આ કામના ત.ક.અમલદારે પણ સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી તેમની ફરીયાદમાં બાતમી કેટલાક વાગ્યે મળેલી તેનો સમય જણાવેલ નથી, ફરીયાદીએ તેમની ફરીયાદમાં પંચો નામઠામ જણાવેલ નથી, મોટા અમાદરાથી નાના અમાદરા રસ્તો સિગલ પટ્ટી રસ્તો છે અને આ રોડ ઉપર મો.સા. તથા માણસોની અવર જવર થાય છે, સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી, પંચોને મૌખિક સમજ કરેલ જેથી પ્રાથમીક પંચનામુ કરવામાં આવેલ નથી, કહેવાતા આરોપી સ્થળ ઉપરથી પકડાયેલ નથી તેમજ પકડાયેલ મુદ્દામાલની દરેક બોટલ પર પંચોની સહી વાળી કાપલી લગાવેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં આ કામે મળી આવેલ પ્રવાહી વિદેશી દારૂ જ હતો તે અંગે કોઈ રાસાયણીક પૃથ્થકરણ પણ થયેલ નથી કે એફ.એસ.એલ. રીપોર્ટ પણ રજુ કરેલ નથી. વધુમાં કહેવાતા મુદામાલ વિદેશી દારૂના પ્લા.ના હોલ તથા પ્લા.ના કવાટરીયા ઉપર લગાડવામાં આવેલ લેબલમાં જણાવેલ મેન્યુફેકચર્સ પાર્ટી સાથે કોરસ્પોન્ડન્સ કરેલ હોય કે વિદેશી દારૂના પ્લા.ના હોલ તથાપ્લા.ના કવાટરીયા ઉપર આવેલ શીલ ઓરીજનલ હતા કે કેમ તે બાબતે ખાત્રી કરેલ તેવુ પણ રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ સર્ચ, સીઝર કે સીલ પણ પુરવાર થયેલ નથી. આમ, સમગ્ર હકીકત જોતાં હાલના આરોપીના સ્વતંત્ર કબજામાંથી

મુદામાલ મળી આવેલ હોય તે હકીકત શંકાસ્પદ જણાય છે. વધુમાં બનાવ સ્થળ જાહેર વિસ્તાર છે અને ત્યાંથી સ્વતંત્ર સાહેદો સહેલાઈ મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર ધ્વારા તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો રેકર્ડ કરવામા આવેલાનુ રેકર્ડ ઉપરથી જણાઈ આવતુ નથી પરંતુ આ કામના ફરીયાદી, પોલીસ સાહેદ તથા તપાસ કરનાર અમલદાર જે પોલીસ સ્ટાફના કર્મચારી છે તે સંજોગોમાં નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદા **''AZEEZ V/S. STATE OF KERALA 2013 (0) GLHEL- S.C. 52570''** માં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંત મુજબ જયારે કેસ અન્ય સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય ત્યારે માત્ર ફરીયાદી, પોલીસ સાહેદ તથા તપાસ કરનાર અધિકારીની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૨)....**ઉપરોકત તમામ હકીકતો ધ્યાન લેતા, ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર સાબીત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં.૧ ને નકારમાં નિર્ણીત કરી, મુદ્દા નં.ર પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

**-:: હુકમ ::-**

**(૧)....**આ કામના આરોપી **દિલીપભાઈ સોકાભાઈ બારીયા,** રહે. મડાવ, દેવગઢ બારીયા, દાહોદ નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૪૮(૧) અન્વયે, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ), ૯૮(૨) મુજબના ગુન્હા માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)....**આ કામે કબજે લીધેલ મુદામાલ દારુનો અપીલ પીરીયડ વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)....**વધુમાં સદર કામ પુરવણી ચાર્જશીટ હોય અને મુખ્ય ચાર્જશીટ બાબતે હુકમ કરવાનો બાકી હોય જેથી સદર કામમાં મુદામાલ તરીકે વાહન તથા મોબાઈલ કબજે કરવામાં આવેલ છે તે અંગે હાલ પુરતો કોઈ હુકમ કરવામાં આવતો નથી પરંતુ મુખ્ય ચાર્જશીટમાં કરવામાં આવેલ હુકમ આ કામેનો હુકમ ગણવો તેવો હુકમ કરવામાં આવે છે.

**(૪)....**ક્રિ. પ્રો. કોડની કલમ ૪૩૭-એ અન્વયે આ કામના આરોપીએ રૂા.૫,૦૦૦/- (પાંચ હજાર પુરા) ના નવા જામીન અપીલ સમય સુધીના આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૧ મી, માહે.ઓગષ્ટ, સને-૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૧/૦૮/૨૦૨૩
જેતપુર-પાવી

**(તરૂણ મોહનદાસ શ્રીમાળી)**
જી.જે. ૦૧૩૦૬
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જેતપુર-પાવી.

//R.M.RADADIYA//